**મ્હેરબાન કેશોદના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ,મું. કેશોદ.**

**ફોજદારી કેસ નં.–૧૦૩/૨૦૨૬**

**આંક : –**

શ્રી સ ર કા ર . . . ....ફરિયાદી

**<u>વિરૂધ્ધ</u>**

સબીરસા બુફાતીશા બનાવા ....આરોપી

**<u>ગુન્હો :– ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૫ મુજબ</u>**

આ કામના ફરીયાદ પક્ષ ના કેસ મુજબ આરોપીએ ચાર્જશીટમા જણાવેલ તારીખે, સમયે અને સ્થળે તેમા જણાવ્યા મુજબ વાહનોને તથા ટ્રાફીકને અડચણ થાય અને અકસ્માત થાય તેમ જાહેર જનતાને અવર જવરમાં મુશ્કેઈ થાય તે રીતે પોતાના હવાલાની લારી જાહેર રોડ ઉપર રાખી ગુન્હો કરેલ હોય, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ મુજબ નો ગુન્હો કરેલ છે. જે મુજબ પોલીસ તરફથી ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

આ કામે આરોપી આજરોજ અદાલતમાં હાજર છે, અને આરોપીએ ગુન્હો કબુલ કરવાની લેખિત પુરસીસ આપતા તથા આરોપીએ અત્રેની કોર્ટ સમક્ષ એવી વિનંતી કરેલ છે કે, તે ગરીબ માણસ છે, મજુરી કરી ગુજરાન ચલાવે છે અને તેઓના કુટુબનો આધાર તેમની ઉપર છે અને આ તેમનો પ્રથમ ગુન્હો છે. જેથી તેઓને ઓછામા ઓછી સજા અને ઓછામા ઓછો દંડ કરવો જોઈએ. અને આ સાથે આરોપી જણાવે છે કે, આગળથી આવો ગુન્હો ફરીથી નહી બને તેવું તે ચોકકસપણે ધ્યાન રાખશે.

હાલના કામે અત્રેની કોર્ટે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૫ વંચાણે લીધી તથા તેમાં આપેલ દંડની જોગવાઈ ધ્યાને લીધી તેમજ આરોપીની સ્થિતી તેમજ ગુનાનુ સ્વરૂપ તેમજ તમામ પરીબળોને ધ્યાને લીધા અને આ તમામ બાબતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને કબુલાત પુરસીસના આધારે તકસીરવાન ઠરાવીને ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૫ મુજબના ગુન્હાના કામે રૂા.૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૦૨ (બે) ની સાદી કેદ ની સજા ફરમાવવામા આવે છે.

આ હુકમ આજ તારીખ: ૧૪મી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.

તારીખ: ૧૪/૦૩/૨૦૨૬ (વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ)

એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ

કેશોદ.

(gj01484)